PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૬૧-૩ તારીખ : ૦૪ - ૦૧ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

મેં. પ્રયોશા પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ

શેડ નં.૧૧ પ્લોટ નં.૦૯ સર્વે નં. ૩૨૮ બાલાજી એગ્રો પછી, ડબંલિયા પીર પાસે ,

મું. પો. : શાપર વેરાવળ, તાં. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૨૪

મોબાઈલ : ૯૬૨૪૫૬૧૨૬૬

વિષય : ઔધાગિક વીજજોડાણમાં વપરાશ વગર વધારે બીલ આવવા અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Email , તા. ૧૯-૧૧-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૯/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૯/ક્વા-3/૨૩-૨૪/૬૧-૩ તા. ૦૫-૦૧-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૯/ક્વા-૩/૨૩-૨૪, તા. ૨૦-૧૧-૨૦૨૩

અરજદાર : મેં.પ્રયોશા પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ ગામ: શાપર (વેરાવળ)

રજૂઆત કરનાર : અરજદાર ગેરહાજર રહેલ

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી,કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ અને તેમની સાથે શ્રી આર.કે.પંડયા, અધિક્ષક હિશાબનીશ ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ.

:: કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૨.૧૨.૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જે રદ કરેલ ત્યારબાદ તા.૨૨.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ સુનાવણી કરવામાં આવેલ. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મેં. પ્રયોશા પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ ગ્રાહક નં.૮૧૯૦૧/૦૭૨૪૪/૪ થી શાપર વેરાવળ પેટાવિભાગીય કચેરી હેઠળ ૦૭ કી.વો.નું LTMD વીજજોડાણ ધરાવે છે. સદર કનેકશનમાં વપરાશ વગર વધારે બીલ આવેલ હોય તેવી ફરિયાદ કરતા સંલગ્ન કચેરી દ્વારા તા.૧૭.૧૧.૨૦૨૩ ના રોજ ઈ-મેલ દ્વારા બિલનું વિવરણ જણાવેલ જેમાં નવેમ્બર-૨૩ માસના બીલમાં બાકી રકમ રૂ.૧૨૭૯૧=૮૩ આવેલ છે, જે અરજદારને અન્યાયી લાગતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## ::પી.જી.વી.સી.એલ. ની રજૂઆત::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૪-૧૨-૨૦૨૩ થી રજુ કરેલ સમાધાન પત્ર મુજબ ફરિયાદી અરજદાર પ્રયોશા પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ નામે ગામ: શાપર (વેરાવળ) ખાતે ઓદ્યોગિક વીજજોડાણ ધરાવે છે,

૩.૧ અરજદાર દ્વારા તા.૨૨-૦૯-૨૦૨૩ ના રોજ નામ બદલી સાથે વીજભાર વધારાની અરજી પ્રમાણે ૦૭-કી.વો. માંથી ૧૦૦ કી.વો.નો વીજભાર કરવા અન્વયે અરજદાર દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરીને ટેસ્ટરીપોર્ટ તા.૦૭-૧૦-૨૦૨૩ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદારને અપાયેલ વીજબીલ માહે ઓક્ટોબર-૨૦૨૩ માં ૧૦૦ કી.વો. મુજબનો ફિક્સ ચાર્જ રૂ.૧૨૭૯૧=૮૩ આવેલ હોય, જે અન્વયે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. અરજદારની ફરિયાદ મુજબ ખરેખર વીજભાર વધારાની અરજી અન્વયે મીટર સર્વિસ તા.૩૧-૧૦-૨૦૨૩ ના રોજથી બદલાવેલ છે, જેથી અરજદારના માહે ઓક્ટોબર-૨૦૨૩ ના વીજબીલમાં ફિક્સચાર્જ ૦૭ કી.વો. મુજબ ગણી તફાવતની રકમ રૂ.૧૨૬૪૨/- જમા આપેલ છે. તેમજ બિલીંગ સીસ્ટમ મુજબ માહે સપ્ટેમ્બર-૨૩ ના વીજબીલમાં ફિક્સ ચાર્જ ૪૭ દિવસના બદલે ૧૭ દિવસનો ગણવામાં આવેલ હોવાથી તફાવતના ફિક્સ ચાર્જની રકમ રૂ.૫૪૦=૦૦ ગ્રાહકને ખાતે ઉધારેલ છે.

૩.૨ ઉપરોક્ત બાબતે અરજદારને વિગતવાર માહિતી આપતા અરજદારની ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થયેલ હોવાથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની સહી વાળું સમાધાન પત્ર તા.૦૪-૧૨-૨૦૨૩થી રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારની લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ મેં. પ્રયોશા પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝને ગ્રાહક નં.૮૧૯૦૧/૦૭૨૪૪/૪ થી તા.૧૫.૦૮.૨૦૨૩ ના રોજ ૦૭ કી.વો.ના કરારિત વીજભાર સાથે રીલીઝ કરાયેલ હતું. સદર ગ્રાહકનું માહે સપ્ટેમ્બર-૨૩ નું બીલ શ્રી બાબુભાઈ વસ્તાભાઈ કાકડિયાના નામે તા.૧૨.૦૯.૨૦૨૩ થી બનેલ છે. સપ્ટેમ્બર-૨૩ માસના ગ્રાહકને સ્થળ પર આપેલ બીલમાં ૪૬ દિવસનો ફીક્સચાર્જ રૂ.૮૨૭=૯૮ ગણાયેલ છે જેમાં ૪૭ દિવસનો ફીક્સ ચાર્જ રૂ.૮૪૬=૦૨ ગણવાનો થાય છે.

- સપ્ટેમ્બર-૨૩ ના બીલમાં LT BILLING સીસ્ટમમાં માત્ર ૧૭ દિવસનો ફિક્સચાર્જ રૂ.૩૦૬=૦૨ ગણવામાં આવેલો હતો. અરજદાર દ્વારા સપ્ટે-૨૦૨૩ ના બીલ પેટે રૂ.૮૩૦=૦૦ નું ભરણું કરી આપેલ હોય સિસ્ટમમાં (રૂ.૮૩૦-૩૦૬=૦૨) રૂ.૫૨૫=૧૮ ઓક્ટોબર-૨૦૨૩ ના બીલમાં જમા આવી ગયેલ છે, જે હકીકતે વસુલવા પાત્ર છે.
- ઓક્ટો-૨૩ માસમાં અરજદારકને ૦૭ કી.વો. મુજબના ફિક્સ ચાર્જનું બીલ આપવામાં આવેલ છે. પરંતુ ગ્રાહક દ્વારા નામ ટ્રાન્સફર સાથે લોડવધારા માટે અરજી કરવામાં આવેલ હતી, જેની મંજુરી આવ્યેથી સિસ્ટમ દ્વારા નવા લોડ (૧૦૦ કી.વો.) મુજબ 30 દિવસના ફિક્સ ચાર્જની ગણતરી થતા ઓક્ટો-૨૦૨૩ નું બીલ રૂ.૧૩૩૧૮=૬૨ નું બનેલ છે. જેમાંથી સપ્ટે-૨૩ માસના જમા રૂ.૫૨૫=૧૮ તેમજ વ્યાજ રકમ રૂ.૧=૬૧ બાદ કરતા રૂ.૧૨૭૯૧=૮૩ નું બીલ બનેલ છે, જે નવે-૨૦૨૩ ના બીલમાં બાકી આવેલ છે.
- ઓક્ટોબર મહિનામાં લોડમાં ફેરફાર થયેલ પરંતુ સ્થળ પર તા.૩૧.૧૦.૨૦૨૩ ના રોજ ૧૦૦ કી.વો. વીજભાર મુજબ નવું મીટર લગાડેલ હોય ઓક્ટોબર મહિનાનું બીલ ૦૭ કી.વો.ની ગણતરી કરતા

ફિક્સચાર્જના તફાવતની રકમ રૂ.(૧૧૦૭૫=૦૦-૫૪૦=૦૦)=૧૦૫૩૫ + વિદ્યુત શુલ્ક રૂ.૨૧૦૭=૦૦ કુલ રૂ.૧૨૬૪૨=૦૦ ગ્રાહકને ખાતે જમા આપેલ છે.

- આમ, ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ગ્રાહકની **ફરિયાદનું નિવારણ** કરાયેલ હોવાથી તા.૦૪-૧૨-૨૦૨૩ **થી** ફરિયાદી અરજદાર દ્વારા સમાધાન પુરશીશમાં **સહી** કરી આપેલ છે.

૪.૨ અરજદારની મુદ્દા નં ૨.૦ મુજબની વિગતેની ફરિયાદ અન્વયે **પીજીવીસીએલ** પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૨ મુજબની કાર્યવાહી કરતા અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ **કક્ષાએથી** નિરાકરણ કરાયેલ છે. આમ, ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી, અરજદારની સદર અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot